 Vol. 6, Issue: 7, July: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# જાતીય અસમાનતા:એક અભ્યાસ

ડો. બીના એમ. પારેખ
આચાર્યા, શ્રીમતી પી.કે.ઈનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન,બાકરોલ (વલ્લભ વિદ્યાનગર)

અર્થશાસ્ત્રમાં અસમાનતા શબ્દનો અર્થ ફક્ત આવકના પરિબળને ધ્યાનમાં રાખીને નથી કરવામાં આવતો. અસમાનતાને અલગ-અલગ રીતે વ્યાખ્યાકૃત કરી શકાય છે.'સ્ત્રી-પુરુષ' વચ્ચે રાખવામાં આવતું અંતર એ પણ 'અસમાનતા' જ છે.

આધુનિક યુગમાં માનવી દરેક પ્રકારની આધુનિકતા સાથે સુસંગતતા ધરાવતો થઈ ચૂક્યો છે. પરંતુ સ્ત્રી-પુરુષ વચ્ચેની ભેદની માનસિકતા દૂર કરી શકાઈ નથી. ભારત દેશમાં આજે પણ સ્ત્રીને 'દેવી' તરીકે પૂંજવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. આપણા ધર્મગ્રંથો તેમજ સાહિત્યોમાં પણ નારીને એક અમૂલ્ય સ્થાન આપવામાં આવે છે. સરકાર ધ્વારા પણ સ્ત્રી-સશક્તિકરણને વેગ આપવા માટે, સ્ત્રી-શિક્ષણમાં વધારો કરવા માટે આ ઉપરાંત સ્ત્રીઓને શારીરિક, માનસિક,બૌધ્ધિક તેમજ આર્થિક રીતે પગભર બને તે માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ વસ્તી ગણતરી તેમજ સ્ત્રી-સાક્ષરતા દરના આંકડઓ જોતા સ્ત્રી સન્માનની વાતો અયોગ્ય તેમજ નકામી લાગવા માંડે છે. આઝાદીના આટલા વર્ષો બાદ પણ આજે સ્ત્રી-પુરુષ વચ્ચેની ભેદરેખા દૂર કરવામાં આપણો દેશ નિષ્ફળતાના પંથે છે. સ્ત્રી-પતનની શરૂઆત દીકરીન દૂધ પીતી કરવાના રિવાજથી શરૂ થતા આજે બળાત્કાર જેવા દૂષણ પર આવીને અટકી છે. આ સફરને જોતા કેવી રીતે કહી શકાય કે ભારત દેશ જાતીય અસમાનતાથી દૂર થઈ શકશે?

ભારત તથા ગુજરાતમાં વસ્તીગણતરી વિવિધ વર્ષ દરમિયાન દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓનું પ્રમાણ

| **વસ્તીગણતરીનું વર્ષ** | **દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓનું પ્રમાણ** | |
|---|---|---|
| | **ભારત** | **ગુજરાત** |
| 1901 | 972 | 954 |
| 1911 | 964 | 946 |
| 1921 | 955 | 944 |
| 1951 | 946 | 952 |
| 1991 | 927 | 934 |
| 2001 | 933 | 919 |
| 2011 | 940 | 918 |

*Source:- Register General & Census Commissioner of India*

ઉપરોક્ત કોષ્ટક જોતા માલૂમ થાય છે કે સમગ્ર ભારત દેશમાં તેમજ ગુજરાતમાં સ્ત્રીઓની સંખ્યામાં ટકાવારી ઘટતી જાય છે. જે અત્યંત ગંભીર બાબત ગણી શકાય. જાતીય અસમાનતા વધવા માટેના અનેક કારણો છે જે નીચે મુજબ જોઈ શકાય છે.

**જાતીય અસમાનતા વધવાના કારણો**

૧. ટેકનોલોજીના આંધળા અનુકરણને કારણે ગર્ભ-પરીક્ષણ ધ્વારા સ્ત્રી-ભૃણ હત્યાના કેસો વધવા જઈ રહયા છે.
૨. ૨૧ મી સદીમાં સમાજ જીવી રહયો છે છતાં પણ સ્ત્રીને આર્થિક તેમજ સામાજિક રીતે બોજ માનવામાં આવે છે.
૩. ગરીબ કુટુંબ સાથે જોડાયેલી સ્ત્રીને ફક્તને ફક્ત એક આર્થિક ઉપાર્જનના સાધન તરીકે જ જોવામાં આવે છે.
૪. સાક્ષરતાની દ્રષ્ટિએ પણ સ્ત્રી અસમાનતાનો ભોગ બની રહી છે.
૫. જાતીય અસમાનતાના કારણે સ્ત્રીઓને વેતનમાં પણ અસમાનતાનો સામનો કરવો પડે છે.
૬. ભરત પુરુષ પ્રધાન દેશ છે. આવા પૂર્વગ્રહના લીધે પણ સ્ત્રી તરફનું નકારાત્મક વલણ વધતું જાય છે.
૭. યોગ્ય શિક્ષણનો અભાવ પણ અસમાનતાનું કારણ છે.

**જાતીય અસમાનતા દૂર કરવાના ઉપાયો**

૧. શિક્ષણ ધ્વારા માનસિકતામા સુધારો કરી આ સમસ્યામાંથી બહાર આવી શકાય છે.
૨. લિંગ-પરીક્ષણના કાયદા વધુ કડક બનાવવાની જરૂર છે.
૩. કામના સ્થળ પર સ્ત્રીઓ સાથે જાતીય સતામણીના કિસ્સા અંગે કાયદા ઘડવાની જરૂર છે.
૪. કામના સ્થળ પર સ્ત્રીઓને થતા વેતન ભેદભાવને દૂર કરવા સરકાર ધ્વારા નક્કી કરાયેલ વેતન ધારો અમલી બને તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.
૫. ખાનગી શાળાઓ તેમજ કોલેજોમાં સ્ત્રી-શિક્ષણમાં વધારો થાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.
૬. બાળલગ્ન તેમજ દહેજપ્રથા જેવા દૂષણો જળ-મૂળથી દૂર કરવા જોઈએ.
૭. સ્ત્રી-સુરક્ષા અંગેના કાયદાનું કડકપણે અમલીકરણ જરૂરી છે.
૮. આઈ.ટી.આઈ જેવા ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓનું યોગદાન વધે તેવા પ્રયાસો કરવા જોઈએ.
૯. સ્ત્રીઓની આવડત તેમજ કોઠા સૂઝની કિંમત કરી તેને વિકસાવવાની તક આપવી જોઈએ.
૧૦. રમત-ગમતના ક્ષેત્રમાં પણ સ્ત્રીઓને વેગવંતી બનાવવી જોઈએ.